ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૨૦/૧૯–૨૦/ 2150 તારીખ : 12 JUN 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ધીરૂભાઈ બાવાભાઈ સીસરા,**
ગામ–બોરડી, પ્લોટ વિસ્તાર,
સેંદરડા રોડ, તા.મહુવા, જી.ભાવનગર.
**મો.નં. ૯૯૭૮૦ ૪૭૯૭૫**

કેસ નં.૨૦/૧૯–૨૦

**વિષય : ખેતીવાડી કનેકશનમાં એચ.વી.ડી.એસ. સ્કીમ હેઠળ ટ્રાન્સફોર્મર આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૯/૦૪/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૦/૧૯–૨૦/૧૭૫૪ તા.૧૦/૦૫/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૦/૧૯–૨૦/૧૮૩૯ તા.૧૮/૦૫/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૪/૦૬/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય–૧.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર - ૨૦/૧૯-૨૦ ☜

વાદી :- શ્રી ધીરૂભાઈ બાવાભાઈ સીસરા

◈ વિરૂધ્ધ ◈

**પ્રતિવાદી** :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:- ૦૪.૦૬.૨૦૧૯ ◈

હાજર રહયા :- શ્રી ધીરૂભાઈ બાવાભાઈ સીસરા - (વાદી પોતે)

પ્રતિવાદી :- શ્રી **એચ.જી.** બારડ કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ધીરૂભાઈ બાવાભાઈ સીસરા, મુ.બોરડી, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડી કનેકશનમાં **એચ.વી.ડી.એસ. સ્કીમ હેઠળ** ટ્રાન્સફોર્મર આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૦/૧૯-૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૨૦/૧૯-૨૦/૧૭૫૪ તા.૧૦.૦૫.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૪.૦૬.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ધીરૂભાઈ બાવાભાઈ સીસરા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફેશ્રી એચ.જી. બારડ કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા. ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારે ગામ-બોરડીમાં ચાલુ ખેતીવાડી વીજ કનેકશન સેંદરડા એ.જી. ફીડરમાં અમારા વીજ કનેકશન આવે છે, જેમાં એચ.વી.ડી.એસ. યોજના હેઠળ પુર્ણ ફીડર ખેતીવાડી વીજ કનેકશન વાળા ગ્રાહકને અલગ-અલગ ટી.સી. આવી ગયેલ છે, જેમાં અમો ત્રણ ગ્રાહક બાકી રહી ગયેલ છીએ, જેની યાદી નીચે મુજબ છે.

૧) ઘુઘાભાઈ શીબાભાઈ- ગ્રા.નં. ૩૭૦૫૨/૦૬૦૨૩/૦, ગામ-બોરડી

૨) બાવભાઈ રામભાઈ- ગ્રા.નં. ૩૭૦૫૨/૦૫૧૩૯/૭, ગામ-બોરડી

૩) ભકાભાઈ રાણાભાઈ- ગ્રા.નં. ૩૭૦૫૨/૦૫૦૩૮/૨, ગામ-બોરડી



Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

૧.૨ ઉપર દર્શાવેલ ત્રણ નામના વીજકનેકશનમાં એચ.વી.ડી.એસ. યોજના હેઠળ અલગ–અલગ ટી.સી. કરવાના બાકી રહી ગયેલ હોય, તો અમારી અરજીને ધ્યાનમાં લઈ યોગ્ય કરવા આપ સાહેબને નમ્ર વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ **સદર અરજદાર** બોરડી ગામે ખેતીવાડી હેતુનું થ્રી ફેઈઝનું બાવભાઈ રામભાઈના નામનું ૫ હો.પા.નું વીજજોડાણ ધરાવે છે.

૨.૨ **સદર અરજદાર**નું વીજજોડાણ ૧૧ કે.વી. સેંદરડા ખેતીવાડી ફીડરમાં આવે છે. જેમાં એચ.વી.ડી.એસ. યોજના હેઠળ સદર ફીડરમાં ખેતીવાડી વીજ કનેકશન વાળા ગ્રાહકને અલગ–અલગ ટી.સી. (ટ્રાન્સફોર્મર સેન્ટર) આવી ગયેલ છે. જેમાં નીચે મુજબ ત્રણ ગ્રાહકો બાકી રહી ગયેલ છે.

૧) ઘુઘાભાઈ શીબાભાઈ– ગ્રા.નં. ૩૭૦૫૨/૦૬૦૨૩/૦, ૫ હો.પા., ગામ–બોરડી

૨) બાવભાઈ રામભાઈ– ગ્રા.નં. ૩૭૦૫૨/૦૫૧૩૯/૭, ૫ હો.પા., ગામ–બોરડી

૩) ભકાભાઈ રાણાભાઈ– ગ્રા.નં. ૩૭૦૫૨/૦૫૦૩૮/૨, ૫ હો.પા., ગામ–બોરડી

૨.૩ પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગ–૧, મહુવાના નાયબ ઈજનેર દવારા જણાવ્યા મુજબ ૧૧ કે.વી. સેંદરડા ખેતીવાડી ફીડરની જે તે સમયે એચ.વી.ડી.એસ. કરવાની કામગીરી કરવામાં આવેલ તે દરમ્યાન સદર અરજદાર શ્રી ધીરૂભાઈ બાવાભાઈ સીસરા જે ગ્રુપમાં આવે છે, તે ગ્રુપ DT-૫૦ માટે બે વીજ ગ્રાહકો માટેની દરખાસ્ત બનાવેલ હતી પરંતુ તા.૨૨.૦૫.૧૯ ના સ્થળ તપાસ દરમ્યાન સદર ગ્રુપમાં ઉપર મુજબના ત્રણ વીજજોડાણ હયાત છે. તેમજ સ્થળ તપાસ દરમ્યાન માલુમ પડેલ કે જે તે સમયે શ્રી ઘુઘાભાઈ શીબાભાઈનું વીજજોડાણ નોન બીલીગ હતું અને શ્રી ઘુઘાભાઈ શીબાભાઈ દવારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભાવનગરમાં બીઝેડ/ફોરમ/૩૩/૧૭–૧૮/૨૨૧૯ તા.૧૭.૦૫.૨૦૧૭ ના રોજ બીલીગ શરૂ કરવા અર્થે ફરીયાદ કરેલ તેના અનુસંધાને મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ દવારા એસ.આર. નં.૧૦૮૯૫૦૯૦ થી ઈ–ઉર્જા સીસ્ટમમાં બીલીગ શરૂ કરેલ હતું. આમ જે તે સમયે સદર નોન બીલીગ કનેકશન દરખાસ્તમાં લીધેલ નહી તથા તે કારણોસર સદર ગ્રુપ એચ.વી.ડી.એસ. સ્કીમથી વંચિત રહેલ હોય તેવું માલુમ પડેલ છે.

૨.૪ હાલ સદર બાકી રહી ગયેલ ગ્રુપ માટે એચ.વી.ડી.એસ. યોજના હેઠળ મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ દવારા પ્રોજેક્ટ નં.૨૫૭૦૦૪ થી દરખાસ્ત બનાવેલ તથા જેની મંજુરી વિભાગીય કચેરી દવારા તા.૨૮.૦૫.૨૦૧૯ ના રોજ મંજુર કરવામાં આવેલ છે તથા એચ.વી.ડી.એસ.નું કામ વહેલી તકે કરી આપવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ધીરૂભાઈ બાવાભાઈ સીસરા અને બીજા બે અરજદાર ગામ–બોરડીની રજુઆત મુજબ તેઓ ગામ–બોરડીમાં ૫ હો.પા.નું ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે. તેઓના વીજજોડાણ ૧૧ કે.વી. સેંદરડા ખેતીવાડી ફીડરમાં જોડેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૨ પ્રતિવાદી દવારા ૧૧ કે.વી. સેંદરડા ખેતીવાડી ફીડરને એચ.વી.ડી.એસ. ફીડર બનાવવામાં આવેલ છે અને એચ.વી.ડી.એસ. યોજના મુજબ વાદી અરજદારના ત્રણ વીજજોડાણમાં એચ.વી.ડી.એસ. યોજના પ્રમાણે કામ કરવામાં આવેલ નથી અને અલગ–અલગ ટી.સી. મુકી વીજજોડાણ આપવામાં આવેલ નથી.

૩.૩ પ્રતિવાદીની રજુઆત છે કે જે તે સમયે ઘુઘાભાઈ શીબાભાઈનું વીજજોડાણ નોન બીલીંગ હોવાથી તેનું તેમજ બાકીના બે વાદી અરજદારના વીજજોડાણમાં એચ.વી.ડી.એસ. યોજનાનું કામ કરવામાં આવેલ ન હતું.

૩.૪ પ્રતિવાદીએ બાકી રહી ગયેલ ત્રણ વાદી અરજદારના વીજજોડાણને એચ.વી.ડી.એસ. યોજના હેઠળ કામ કરવા માટેની જરૂરી વહીવટી તેમજ તાંત્રિક મંજુરી મેળવી લીધેલ છે અને હવે માલસામાન અને લેબરની ઉપલબ્ધી થયે વાદી અરજદારના કામ પુર્ણ કરવામાં આવશે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે "પ્રતિવાદીએ યોગ્ય સમયમર્યાદામાં શ્રી ધીરૂભાઈ બાવાભાઈ સીસરા તેમજ બાકીના બે વાદી અરજદારોના કામ એચ.વી.ડી.એસ. યોજના હેઠળ પુર્ણ કરવા."**
- **સદર** હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૦૪.૦૬ .૨૦૧૯

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.